©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 03rd JULY, 2025/ASHADHA 12, 1947 [No. 26

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વિષય : ચૂંટણી ફરજ માટે નિમાયેલા અધિકારીઓને/કર્મચારીઓને ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટની સતાઓ આપવા બાબત.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૨૨-૦૯-૨૦૦૦ ના જાહેરનામા ક્રમાંક : જીજી/૧૧૫/સીઆરસી/૩૨૯૯/૪૯૪૪/મ.

(૨) સરકારશ્રીના ગૃહ વિભાગના તા. ૧૮-૧૦-૨૦૧૨ ના જાહેરનામા ક્રમાંક : જીજી/૭૬/સીઆરપીસી/૩૨૧૨/૫૯૩/મ.

આદેશ

નં. ડીએમ/ડીસીએચ/સ્થા.સ્વ.ચૂં./૧૫/૨૦૨૫.-સલાયા નગરપાલિકા તથા દ્વારકા નગરપાલિકા અને ભાણવડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ખંભાળીયા તાલુકા પંચાયતની મતદાર મંડળ ૪-ભરાણા તથા કલ્યાણપુર તાલુકા પંચાયત મતાદર મંડળ ૧૩-જુવાનપુરની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી અંતર્ગત મતદાન તા. ૧૬-૦૨-૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૧-૦૧-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. ચૂંટણી અનુસંધાને ઝોનલ ઓફીસર તરીકે નિયુકત કરેલ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ પૈકી જે અધિકારીશ્રી/કર્મચારીઓને હોદ્દાની રૂએ કાર્યપાલક મેજીસ્ટ્રેટના અધિકાર મળેલા નથી તેમને ચૂંટણીની કામગીરી મુકત અને ન્યાયી રીતે કરી શકાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સંપૂર્ણપણે નિયંત્રણ રાખી શકાય તે માટે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણે લીધા-(૧) તથા (૨) ના જાહેરનામા મુજબ ખાસ કાર્યપાલક મેજિસ્ટ્રેટ તરીકેના અધિકારો મળવાપાત્ર થાય છે.

આથી, હું, **રાજેશ એમ. તન્ના, (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણ-(૧) તથા (૨) માં દર્શાવેલ જાહેરનામા મુજબ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૫ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા નગરપાલિકા અને દ્વારકા નગરપાલિકા અને ભાણવડ નગરપાલિકાના સમગ્ર વિસ્તાર તથા ખંભાળીયા તાલુકા પંચાયતની મતદાર મંડળ ૪-ભરાણા તથા કલ્યાણપુર તાલુકા પંચાયતની મતદાર મંડળ ૧૩-જુવાનપુરની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણીના કામે ઝોનલ ઓફીસર (આ સહ સામેલ પરિશિષ્ટ-૧ મુજબ) ને તેમની નિમણૂંકના કાર્યક્ષેત્રના વિસ્તારમાં તા. ૧૨-૦૨-૨૦૨૫ થી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય સુધી ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના તથા સદરહુ અધિનિયમ તળે નીચે મુજબના અધિકારો એનાયત કરવા આદેશ કરવામાં આવે છે.

૧. કલમ-૪૧ : મેજિસ્ટ્રેટે પકડવા બાબત.

૨. કલમ-૧૦૮ : પોતાની હાજરીમાં જડતી લેવાની મેજિસ્ટ્રેટની સત્તા.

૩. કલમ-૧૦૯ : થયેલા દસ્તાવેજ વગેરે કબજે લેવાની સત્તા.

૪. કલમ-૧૪૮ : મુલકી દળનો ઉપયોગ કરીને મંડળીઓ વિખેરવા બાબત.

૫. કલમ-૧૬૩ : ત્રાસદાયક બાબતો કે ભયના સંદેહના તાકીદના સંજોગોમાં આદેશ કરવાની સત્તા.

ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારોનો ઉપયોગ ફકત ચૂંટણી લક્ષી કામગીરી માટે જ કરવાનો રહેશે અને આ અધિકારોનો દુરૂપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

દેવભૂમિ દ્વારકા, ૧૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, દેવભૂમિ દ્વારકાના આદેશ નં. ડીએમ/ડીસીએચ/સ્થા.સ્વ.ચૂં./૧૫/૨૦૨૫, તા. ૧૧-૦૨-૨૦૨૫ નું બિડાણ

પરિશિષ્ટ-૧

ક્રમ	મતદાર વિભાગ	રૂટ નંબર	અધિકારીશ્રીનો હોદ્દો	કચેરીનું નામ	મોબાઈલ નંબર
૧	સલાયા નગરપાલિકા મતદાર વિભાગ	૧	શ્રી જયદેવ ગુણવંતરાય શિહોરા, નાયબ કાર્યપાલક ઈજનેર	નાયબ કાર્યપાલક ઈજનેર, જાહેર આરોગ્ય અને સુખાકારી પેટા વિભાગ	૯૯૭૮૪૦૬૯૨૫
૨		૨	શ્રી કિશન વલ્લભભાઈ ચૌહાણ, મદદનીશ ઈજનેર	નાયબ કાર્યપાલક સિંચાઈ સર્વે અને સંશોધન પેટા વિભાગ, ખંભાળીયા	૯૭૨૨૫૭૮૭૯૪
૩		૩	શ્રી આર. કે. નંદાણીયા, મદદનીશ ઈજનેર	નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, સ.પ.સ. સિંચાઈ પેટા વિભાગ, ખંભાળીયા	૭૮૭૪૪૦૪૦૨૧
૪		રીઝર્વ	શ્રી સુરેશ જી. શીંગાળા, મદદનીશ પ્રોફેસર	સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખંભાળીયા	૯૮૭૯૧૪૪૬૪૩
૫	દ્વારકા નગરપાલિકા મતદાર વિભાગ	૧	શ્રી દર્શનભાઈ હરેશભાઈ પરમાર, નાયબ કાર્યપાલક ઈજનેર	ક્ષાર અને અંકુશ પેટા વિભાગ, દ્વારકા	૭૯૮૪૬૩૫૬૮૦
૬		૨	શ્રી એસ. એમ. માર્થક, ડેપ્યુટી એન્જીનીયર	પી.જી.વી.સી.એલ., ડીવીઝનલ કચેરી, દ્વારકા	૭૫૨૭૭૭૫૨૮૮
૭		૩	શ્રી નગાભાઈ ભીમાભાઈ લગારીયા, નાયબ કાર્યપાલક ઈજનેર	નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, જા.આ. સુખાકારી પેટા વિભાગ, દ્વારકા	૯૯૦૯૯૭૪૫૫૭
૮		રીઝર્વ	શ્રી વી. બી. માખેચા, મદદનીશ ઈજનેર	ચેકડેમ સર્વે અને સંશોધન પેટા વિભાગ, દ્વારકા	૯૪૨૬૮૧૧૫૯૩
૯	ભાણવડ નગરપાલિકા મતદાર વિભાગ	૧	શ્રી પ્રદિપકુમાર વાલજીભાઈ પરમાર, નાયબ ઈજનેર	નાયબ ઈજનેરશ્રીની કચેરી, પી.જી.વી.સી.એલ. ત્રણ પાટીયા વેરાડ	૯૬૮૭૬૪૩૦૫૧
૧૦		૨	શ્રી મિલનભાઈ વેજાણંદભાઈ સોલંકી, મદદનીશ ઈજનેર	સિંચાઈ પેટા વિભાગ, ૫/૨, ભાણવડ	૯૭૧૪૫૦૧૬૬૮
૧૧		૩	શ્રી સંદિપકુમાર એ. પટેલ, નાયબ ઈજનેર	પી.જી.વી.સી.એલ., ભાણવડ	૯૯૨૫૨૧૦૧૨૨
૧૨		રીઝર્વ	શ્રી પી. એમ. ઓડેદરા, નાયબ કાર્યપાલક ઈજનેર	સિંચાઈ પેટા વિભાગ, ભાણવડ	૯૬૩૮૧૮૮૭૭૭
૧૩	૪-ભરાણા તાલુકા પંચાયત મતદાર વિભાગ	૧	શ્રી વી. આર. નકુમ, મદદનીશ ઈજનેર	સિંચાઈ ભવન, ખંભાળીયા	૯૬૮૭૬૩૦૪૨૭
૧૪		રીઝર્વ	શ્રી રામજીભાઈ ડી. નકુમ, કેળવણી નિરીક્ષક	તાલુકા પંચાયત, ખંભાળીયા	૯૯૦૪૯૪૯૪૧૧
૧૫	૧૩-જુવાનપુર તાલુકા પંચાયત મતદાર વિભાગ	૧	શ્રી દિપક ભીમશીભાઈ ભાટુ, નાયબ ઈજનેર	પી.જી.વી.સી.એલ., સબ ડીવીઝનલ ભાટીયા	૯૯૨૫૨૧૬૦૬૩
૧૬		રીઝર્વ	શ્રી વી. પી. ચૌહાણ, નાયબ કાર્યપાલક ઈજનેર	પાણી પુરવઠા, કલ્યાણપુર	૯૯૦૪૧૫૪૬૦૫

દેવભૂમિ દ્વારકા, ૧૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/સ્થા.સ્વ.ચૂ./૧૭/૨૫.-સલાયા નગરપાલિકા તથા દ્વારકા નગરપાલિકા અને ભાણવડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ખંભાળીયા તાલુકા પંચાયતની મતદાર મંડળ ૪-ભરાણા તથા કલ્યાણપુર તાલુકા પંચાયતની મતદાર મંડળ ૧૩-જુવાનપુરની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી અંતર્ગત મતદાન તા. ૧૬-૦૨-૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૧-૦૧-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલી છે. આ તારીખથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. આ ચૂંટણીનું મતદાન મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ રહેલો છે. આ ઉપરાંત આદર્શ આચારસંહિતાનું પાલન થાય અને ખર્ચ ઉપર નિયંત્રણ તથા દેખરેખ જળવાઈ રહે તે જરૂરી છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૬ તથા ભારતના ચૂંટણી પંચના તા. ૦૮-૦૧-૨૦૦૭ ના પત્ર ક્રમાંક : 464/INST/2007-PLN-1 ની માર્ગદર્શક સુચના અનુસાર મતદાન પુરૂ થવાના સમય (તા. ૧૬-૦૨-૨૦૨૫ ના સાંજના ૬.૦૦ કલાક) પહેલા ૪૮.૦૦ કલાક અગાઉ (તા. ૧૪-૦૨-૨૦૨૫ ના સાંજના ૬.૦૦ કાલક) થી ચૂંટણી પ્રચાર કરવાનો અંત આવે છે. આ રીતે ચૂંટણી પ્રચાર બંધ થયા બાદ કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવારના પ્રચારકો/કાર્યકર્તાઓ કે જેઓ સબંધિત મત વિસ્તારના મતદાર ન હોય તેમણે તેવો વિસ્તાર છોડીને જતા રહેવાનું થાય છે. જિલ્લામાં જાહેર શાંતિ અને સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી નીચે મુજબ હુકમ ફરમાવવાનું જરૂરી જણાયે છે.

જેથી હું, **રાજેશ એમ. તન્ના, (IAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભુમિ દ્વારકા, મુ. ખંભાળીયા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સતાની રૂએ ફરમાવું છું કે દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા નગરપાલિકા તથા દ્વારકા નગરપાલિકા અને ભાણવડ નગરપાલિકાના સમગ્ર વિસ્તાર તથા ખંભાળીયા તાલુકા પંચાયતની મતદાર મંડળ ૪-ભરાણા તથા કલ્યાણપુર તાલુકા પંચાયત મતાદર મંડળ ૧૩-જુવાનપુરમાં મતદાન પુરૂ થવાના સમય (તા. ૧૬-૦૨-૨૦૨૫ ના સાંજના ૬:૦૦ કલાક) પહેલા ૪૮.૦૦ કલાક અગાઉ (તા. ૧૪-૦૨-૨૦૨૫ ના સાંજના ૬:૦૦ કલાક) થી એટલે કે ચૂંટણી પ્રચાર બંધ થયા બાદ કોઈપણ રાજકીય પક્ષ/ઉમેદવારના પ્રચારકો/કાર્યકર્તાઓ કે જેઓ સબંધિત મત વિસ્તારના મતદાર ન હોય તેમણે તેવો વિસ્તાર છોડીને જતા રહેવાનું રહેશે.

: અપવાદો :

ઉમેદવારોના ચૂંટણી એજન્ટોને આ હુકમ લાગુ પડશે નહી. (ચૂંટણી એજન્ટ હોવા અંગેનો આધાર સાથે રાખવાનો રહેશે.)

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારીતય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત દેવભૂમિ દ્વારકા જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી.

આજ તા. ૧૩-૦૨-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવામાં આવ્યું.

મોરબી, ૧૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/સ્થા.સ્વ.ચૂં./૧૯/૨૦૨૫.-સલાયા નગરપાલિકા તથા દ્વારકા નગરપાલિકા અને ભાણવડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ખંભાળીયા તાલુકા પંચાયતની મતદાર મંડળ ૪-ભરાણા તથા કલ્યાણપુર તાલુકા પંચાયતની મતદાર મંડળ ૧૩-જુવાનપુરની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી અંતર્ગત મતદાન તા. ૧૬-૦૨-૨૦૨૫ ના રોજ યોજનાર છે. મતદાનના દિવસે મતદાન મથક આજુબાજુ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદારો શાંતિ પુર્વક મતદાન કરી શકે તે માટે ચારથી વધુ વ્યકિતઓને મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં એકઠા થવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવાનું મને જરૂરી જણાય છે.

જેથી હું, **રાજેશ એમ. તન્ના, (IAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભુમિ દ્વારકા, મુ. ખંભાળીયા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા નગરપાલિકા અને દ્વારકા નગરપાલિકા અને ભાણવડ નગરપાલિકાના સમગ્ર વિસ્તાર તથા ખંભાળીયા તાલુકા પંચાયતની મતદાર મંડળ ૪-ભરાણા તથા કલ્યાણપુર તાલુકા પંચાયતની મતદાર મંડળ ૧૩-જુવાનપુરના મતદાર વિભાગમાં મતદાન મથકોથી ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૧૬-૦૨-૨૦૨૫ ના સવારના ૭-૦૦ થી સાંજના ૬-૦૦ કલાક સુધી ચાર કરતા વધારે વ્યકિતઓની મંડળી કોઈએ ભરવી નહી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી અને એકઠા થવું નહીં.

વધુમાં આદેશ કરૂ છું કે આ જાહેરનામુ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :

(૧) સરકારી નોકરીમાં અથવા તેમની ફરજની રૂએ રોજગારીમાં હોય તેવી વ્યકિતઓને.

(૨) ફરજ ઉપર હોય તેવા બિન પોલીસ દળો જેવા કે ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, સી.આઈ.એસ.એફ., ફોરેસ્ટ, કસ્ટમ, સેન્ટ્રલ એકસાઈઝ, એન.સી.સી. વિગેરે કે જેને ખાસ પોલીસ અધિકારીના અધિકારો એનાયત થયેલ હોય તેવી વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રાને.

(૫) સલાયા નગરપાલિકા તથા દ્વારકા નગરપાલિકા અને ભાણવડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ખંભાળીયા તાલુકા પંચાયતની મતદાર મંડળ ૪-ભરાણા તથા કલ્યાણપુર તાલુકા પંચાયતની મતદાર મંડળ ૧૩-જુવાનપુર માટે મતદાર યાદીમાં નોંધાયેલ માન્ય મતદારોની મતદાન સમયેની હરોળ (કયુ/લાઈન) ને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અથવા તેમણે અધિકૃત કરેલ અધિકારીશ્રીએ અને જિલ્લાના ચૂંટણી અધિકારીશ્રી અગર મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અગર સબંધિત તાલુકા મામલતદારશ્રીએ અધિકૃત કરેલ વ્યકિતઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજા થશે. આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત દેવભૂમિ દ્વારકા જિલ્લાની હદમાં જાહેર જનતાને જાણ થાય તે રીતે સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી તથા ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તા. ૧૩-૦૨-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડવામાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા, ૧૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/સ્થા.સ્વ.ચૂં./૧૮/૨૦૨૫.-સલાયા નગરપાલિકા તથા દ્વારકા નગરપાલિકા અને ભાણવડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ખંભાળીયા તાલુકા પંચાયતની મતદાર મંડળ ૪-ભરાણા તથા કલ્યાણપુર તાલુકા પંચાયતની મતદાર મંડળ ૧૩-જુવાનપુરની ખાલી પડેલ બેઠકની પેટા ચૂંટણી અંતર્ગત મતદાન તા. ૧૬-૦૨-૨૦૨૫ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૨૧-૦૧-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલી છે. મતદાનના દિવસે મતદારોના મતની ગુપ્તતા જળવાઈ રહે તેમજ મતદાનની પ્રક્રિયામાં કોઈ અવરોધ ઉભો ન થાય તથા જાહેર સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકની અંદર મોબાઈલ ફોન જેવા ઉપકરણો સાથે પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવું મને જરૂરી જણાય છે.

જેથી હું, **રાજેશ એમ. તન્ના, (IAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભુમિ દ્વારકા, મુ. ખંભાળીયા,** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા નગરપાલિકા તથા દ્વારકા નગરપાલિકા અને ભાણવડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ખંભાળીયા તાલુકા પંચાયતની મતદાર મંડળ ૪-ભરાણા તથા કલ્યાણપુર તાલુકા પંચાયતની મતદાર મંડળ ૧૩-જુવાનપુરના મતદાન મથકોમાં મતદાન એજન્ટ, ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ તેમજ સબંધિત મતદાન મથકના નોંધાયેલ મતદારો તા. ૧૬-૦૨-૨૦૨૫ ના સવારના ૭.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક સુધી મતદાનના દિવસે મતદાન મથક તેમજ તેની આસાપાસના ૧૦૦ મટીરના વિસ્તારમાં સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ ઉપકરણો લઈ જશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

વધુમાં આદેશ કરૂ છું કે, મતદાન મથકમાં ઉકત ઉપકરણો સાથે પ્રવેશ કરવા પરનો પ્રતિબંધ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

૧. ચૂંટણી ફરજ પરના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને.

૨. ચૂંટણી અધિકારીશ્રીઓ ખાસ અધિકૃત કરેલ અધિકારીઓ/કર્મચારીઓ/વ્યક્તિઓને.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેરાત દેવભૂમિ દ્વારકા જિલ્લાની હદમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોડીને તેમજ વર્તમાન પત્રો દ્વારા કરવી.

આજ તા. ૧૩-૦૨-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવામાં આવ્યું.

મોરબી, ૧૩ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

રાજેશ એમ. તન્ના
જિલ્લા મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/મેજી/હથિયાર બંધી/RFMS-46657/૨૦૨૫.-જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરીએથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવા તા. ૨૭-૦૨-૨૦૨૫ ના પત્ર નં. એલઆઈબી/જાહેરનામાં/૪૮૬/૨૦૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મને વ્યાજબી જણાતી હોય હું, **ભૂપેસ જોટાણીયા, (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) તળે મને મળેલ સતાની રૂઈએ ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા. ૦૧-૦૩-૨૦૨૫ થી તા. ૩૦-૦૩-૨૦૨૫ સુધી ૨૪-૦૦ કલાક અમલમાં રહે તેમ (બન્ને દિવસો સહિત ૩૦ દિવસ) કોઈએ.

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(૩) પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા વસ્તુ ફેકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં.

(૪) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(૫) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહીં.

આ જાહેરનામું મુદા નં. ૧ તથા ૨ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળ ના સભ્યો કે જેમને ફરજ નિમિતે હથીયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથીયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બળવાઓને દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનું ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા (૪) ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા થશે. અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટિસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૨૮, ફેબ્રુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યું.

દેવભુમિ દ્વારકા, ૨૮ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/મેજી/ફીલ્ડ ફાયરીંગ/૨૫૨/૨૦૨૫.-Captain/Adjutant for Comminding Officer, 27 Madras PIN 911 427, c/o. 56 APO તરફથી તા. ૦૪-૧૨-૨૦૨૫ ના પત્ર નં. ૩૦૧/ARC/GS(Trg) થી મળેલ દરખાસ્ત મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના કુંરગા તથા ઓખામઢી મુકામે ફિલ્ડ ફાયરીંગ રેન્જ માટે ગૃહ વિભાગના તા. ૧૩-૦૩-૨૦૨૩ના જાહેરનામા GG/36/2023/FAP/172000/2833/P.F./M થી અનામત રાખવામાં આવેલ વિસ્તારમાં માર્ચ-૨૦૨૫ થી એપ્રિલ-૨૦૨૫ ના માસ દરમ્યાન ફાયરીંગ પ્રેકટીસ કરવાની હોવાથી ફાયરીંગ બટ વિસ્તારમાં જાહેર જનતાના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

Captain/Adjutant for Comminding Officer, 27 Madras PIN 911 427, c/o. 56 APO ની દરખાસ્ત મને વ્યાજબી અને યોગ્ય જણાય છે.

જેથી હું, **ભૂપેશ જોટાણીયા (G.A.S.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા તાલુકાના કુરંગા તથા ઓખામઢી મુકામે આવેલ ફાયરીંગ રેન્જ માટે ગૃહ વિભાગના તા. ૧૩-૦૩-૨૦૨૩ ના જાહેરનામાં નં. GG/36/2023/FAP/172000/2833/P.F./M થી અનામત રાખવામાં આવેલ વિસ્તારમાં તા. ૦૧-૦૩-૨૦૨૫ ૦૦-૦૦ કલાક થી તા. ૨૯-૦૪-૨૦૨૫ ૨૪-૦૦ કલાક દરમ્યાન જાહેર જનતાના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામું તાત્કાલીક અસરથી લાવવું જરૂરી હોય ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ થાય તે રીતે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે અને Captain/Adjutnat for Comminding Officer, 27 Madras PIN 911 427, c/o. 56 APO એ ફાયરીંગ રેન્જની આસપાસ લાલઝંડી સાથે સુરક્ષાબળના કર્મચારીઓને ઉભા રખાવવા અને લોકોની અવર-જવર ઉપર નિયંત્રણ રખાવવું તેમજ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવાની રહેશે.

આજ તા. ૨૭-ફેબ્રુઆરી-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યું.

દેવભુમિ દ્વારકા, ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૫.

ભૂપેશ જોટાણીયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા.

ઈ. ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) હેઠળનુ

જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/નો-એન્ટ્રી/૩૩/૨૫.-આગામી હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન ગુજરાત રાજ્યના જુદા-જુદા જિલ્લાઓ તથા અન્ય રાજ્યોમાંથી પદયાત્રીઓ ચાલીને દ્વારકા મુકામે દર્શનાર્થે આવનાર છે. આ પદયાત્રીઓ દિવસ-રાત્રિ દરમ્યાન ચાલીને જતા હોવાથી રસ્તા પર સતત ટ્રાફીક રહે છે. આ સંજોગોમાં દ્વારકા શહેરમાં ટ્રાફીકની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દ્વારકા શહેરમાં નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારના રસ્તાઓમાં ટુ વ્હીલ/થ્રી વ્હીલ/કાર/ભારે વાહનો તમામના પ્રવેશ પર પ્રતિબંધ મુકવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. આગામી હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક જામની સ્થિતિ નિવારવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા સલામતિની દ્રષ્ટીએ પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત મને વ્યાજબી અને ઉચિત જણાયેલ છે.

સબબ હું, **એચ. પી. જોશી, (GAS), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) હેઠળ મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તા. ૦૭-૦૩-૨૦૨૫ સવારના ૦૮-૦૦ કલાક થી તા. ૧૬-૦૩-૨૦૨૫ રાત્રીના ૦૮-૦૦ કલાક સુધી દ્વારકા શહેરમાં આવેલા પરિશિષ્ટ-'અ' મુજબના રસ્તાઓ પર ટુ વ્હીલ/થ્રી વ્હીલ/કાર/ભારે વાહનો તમામના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

પરિશિષ્ટ-અ

ક્રમ	નો-એન્ટ્રી પોઈન્ટ	નો-એન્ટ્રી વાહનની વિગત
૧	હાથીગેટથી શ્રી દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૨	કાનદાસબાપુ આશ્રમથી ભથાણ ચોક-કિર્તીસ્તંભ-દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૩	ધીંગેશ્વર મંદીરની સામેની ગલી દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ)
૪	ઈસ્કોનગેટથી-ભથાણ ચોક-જોધાભા માણેક ચોક-દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર)
૫	પોસ્ટ ઓફીસ ચાર રસ્તાથી ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે	(ભારે વાહન તમામ /બસ)
૬	રબારી ગેટ ચાર રસ્તાથી ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે	(ભારે વાહન તમામ /બસ)
૭	હોસ્પીટલ ચાર રસ્તાથી મટુકી ચોક-ભદ્રકાલી ચોક તરફ જતા રસ્તે	(ભારે વાહન તમામ /બસ)
૮	સર્કિટ હાઉસ ચાર રસ્તાથી મટુકી ચોક-ભદ્રકાલી ચોક તરફ તથા પ્રિતમ વ્યાયમ તરફ જતા રસ્તે	(ભારે વાહન તમામ /બસ)
૯	સર્કિટ હાઉસ ચાર રસ્તાથી મટુકી ચોક-ભદ્રકાલી ચોક તરફ તથા પ્રિતમ વ્યાયમ તરફ જતા રસ્તે	(ભારે વાહન તમામ /બસ)
૧૦	શાકમાર્કેટ ચોકથી મહાજન બજાર/નિલકંઠ ચોક/શ્રી દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ)
૧૧	મહાજન બજાર થી શ્રી દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૧૨	બ્રહ્મ કુંડથી શ્રી દ્વારકાધીશ મંદીર તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૧૩	જોધાભા માણેક ચોકથી શ્રી દ્વારકાધીશ મંદીર પુર્વ દરવાજા તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૧૪	ભથાણ ચોકથી શ્રી દ્વારકાધીશ મંદીર પુર્વ દરવાજા તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)
૧૫	કિર્તીસ્તંભ સર્કલથી શ્રી દ્વારકાધીશ મંદીર પુર્વ દરવાજા તરફ	(ભારે વાહન તમામ /કાર/થ્રી વ્હીલ/ટુ વ્હીલ)

અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી અપાયેલ વાહનો તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહિં.

આ જાહેરનામાની પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ બહોળી પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૩-માર્ચ-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ)(ગ) હેઠળનુ

જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/વન-વે/૩૩/૨૦૨૫.-આગામી હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દ્વારકા શહેરમાં નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારના રસ્તાઓને ''વન-વે'' તરીકે જાહેર કરવા દરખાસ્ત મળેલી છે. હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક જામની સ્થિતિ નિવારવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા સલામતિની દ્રષ્ટીએ પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત મને વ્યાજબી અને ઉચિત જણાય છે.

સબબ હું, **એચ. પી. જોશી, (GAS), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ)(ગ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તા. ૦૭-૦૩-૨૦૨૫ થી તા. ૧૬-૦૩-૨૦૨૫ સુધી દ્વારકા શહેરમાં આવેલા પરિશિષ્ટ-'અ' મુજબના રસ્તાઓ કોઈપણ પ્રકારના વાહનો માટે ''વન-વે'' તરીકે ઉપયોગમાં લેવાના રહેશે.

પરિશિષ્ટ-અ

ક્રમ	વન-વે પોઈન્ટ	વન-વે ઝોન	તારીખ
૧	જોધાભા માણેક ચોક થી પુર્વ દરવાજા સુધી	જોધાભા માણેક ચોક થી પુર્વ દરવાજા સુધી (NO ENTRY) માત્ર EXIT	તા. ૦૭-૦૩-૨૦૨૫ ના સવારના ૦૮-૦૦ કલાકથી તા. ૧૬-૦૩-૨૦૨૫ ના રાત્રીના ૨૦-૦૦ કલાક સુધી
૨	ભથાણ ચોક થી પુર્વ દરવાજા સુધી	ભથાણ ચોક થી પુર્વ દરવાજા સુધી પ્રવેશબંધી (NO ENTRY) માત્ર EXIT	તા. ૦૭-૦૩-૨૦૨૫ ના સવારના ૦૮-૦૦ કલાકથી તા. ૧૬-૦૩-૨૦૨૫ ના રાત્રીના ૨૦-૦૦ કલાક સુધી

અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી અપાયેલ વાહનો, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહિં.

આ હુકમનો ભંગ કે ઉલંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૩ માહે માર્ચ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભુમિ દ્વારકા, ૦૩ માહે માર્ચ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ)(ગ) હેઠળનુ

જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/પાર્કીંગ-નો પાર્કીંગ/૩૩/૨૫.-આગામી હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દ્વારકા શહેરમાં નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારોને ''નો પાર્કિંગ ઝોન'' તથા ''પાર્કિંગ ઝોન'' તરીકે જાહેર કરવા અંગેની દરખાસ્ત મળેલી છે. હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક જામની સ્થિતિ નિવારવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા સલામતિની દ્રષ્ટીએ પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત વ્યાજબી અને ઉચિત જણાયેલ છે.

સબબ હું, **એચ. પી. જોશી, (GAS), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ)(ગ) હેઠળ મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તા. ૦૭-૦૩-૨૦૨૫ થી તા. ૧૬-૦૩-૨૦૨૫ સુધી દ્વારકા શહેરમાં આવેલા પરિશિષ્ટ-'અ' મુજબના વિસ્તારો કોઈપણ પ્રકારના વાહનો માટે ''નો પાર્કિંગ ઝોન'' તરીકે રહેશે અને પરિશિષ્ટ-'બ' મુજબના વિસ્તારો ''પાર્કિંગ ઝોન'' તરીકે ઉપયોગમાં લેવાના રહેશે.

પરિશિષ્ટ-અ

નો પાર્કિંગ ઝોન

ક્રમ	નો પાર્કિંગ મેઈન પોઈન્ટ	નો પાર્કિંગ વિસ્તાર	ત્રિજયા મીટરમાં
૧	પુર્વ દરવાજા	પુર્વ દરવાજા થી જોધાભા માણેક ચોક સુધી પુર્વ દરવાજા થી ભથાણ ચોક સુધી	૫૦
૨	જોધાભા માણેક ચોક	જોધાભા માણેક ચોક થી શિવરાજસિંહ રોડ ઈસ્કોન ગેઈટ સુધી	૧૦૦

ક્રમ	નો પાર્કિંગ મેઈન પોઈન્ટ	નો પાર્કિંગ વિસ્તાર	ત્રિજ્યા મીટરમાં
૩	ત્રણબતી ચોક	ત્રણબતી ચોક થી મહાજન બજાર ચાર રસ્તા ત્રણબતી ચોક થી ભદ્રકાળી રોડ સુધી	૫૦
૪	હોમગાર્ડઝ ચોક	હોમગાર્ડઝ ચોક થી ત્રણબતી ચોક હોમગાર્ડઝ ચોક થી શાક માર્કેટ ચોક સુધી	૫૦
૫	શાકમાર્કેટ ચોક	શાકમાર્કેટ ચોકની આજુ-બાજુનો વિસ્તાર	૫૦
૬	એસ. ટી. ડેપો	એસ. ટી. ડેપોના આજુબાજુના વિસ્તાર	૧૦૦
૭	કીર્તિસ્તંભ	કીર્તિસ્તંભના આજુબાજુના વિસ્તાર	૨૦૦
૮	સુદામા ચોક	સુદામા ચોક આજુબાજુના વિસ્તાર	૨૦૦
૯	ભથાણ ચોક	ભથાણ ચોક આજુબાજુના વિસ્તાર	૨૦૦
૧૦	મટુકી ચોક	મટુકી ચોક આજુબાજુના વિસ્તાર	૨૦૦
૧૧	ભદ્રકાલી ચોક	ભદ્રકાલી ચોક આજુબાજુના વિસ્તાર	૨૦૦

પરિશિષ્ટ-બ

પાર્કિંગ ઝોન

ક્રમ	પાર્કિંગ પોઈન્ટ	પાર્કિંગ વિસ્તાર	વાહનની વિગત
૧	હાથીગેટ પાર્કિંગ	હાથીગેટ પાર્કિંગ વ્યવસ્થા	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૨	સર્કીટ હાઉસની પાછળ	સર્કીટ હાઉસ પાછળનું ખુલ્લું મેદાન	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૩	શારદાપીઠ કોલેજ	શારદાપીઠ કોલેજનું ખુલ્લુ મેદાન એસ. ટી. રોડ	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૪	રાજપુત સમાજ સામે	રાજપુત સમાજ સામે ગોમતી ઘાટ ખુલ્લુ મેદાન	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૫	સ્વામીનારાયણ મંદિરનુ પાછનું ગ્રાઉન્ડ	સ્વામીનારાયણ મંદિરના ગ્રાઉન્ડનું પાછળનું ગ્રાઉન્ડ	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૬	રાવળા તળાવ ગ્રાઉન્ડ	રાવળા તળાવ ગ્રાઉન્ડ ઈસ્કોન ગેટની બાજુમાં	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન
૭	લાપીનોઝ પીઝાની બાજુના ગ્રાઉન્ડ	લાપીનોઝ પીઝાની બાજુનું હાથીગેટની સામે	ફોર વ્હીકલ, થ્રી વ્હીકલ, હેવી વાહન

અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી અપાયેલ વાહનો, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહિં. આવા વાહનોને ફરજ પરના પોલીસ અધિકારીએ યોગ્ય જગ્યાએ પાર્કિંગ કરાવવાના રહેશે.

આ હુકમનો ભંગ કે ઉલંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૩-માર્ચ-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડયું.

દેવભૂમિ દ્વારકા, ૦૩ માહે માર્ચ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનુ

જાહેરનામું

નં. : ડીએમ/ડીસીએચ/ભારે વાહનો/૩૩/૨૦૨૫.-આગામી હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન ગુજરાત રાજ્યના જુદા જુદા જિલ્લાઓ તથા અન્ય રાજ્યોમાંથી પદયાત્રીઓ ચાલીને દ્વારકા મુકામે દર્શનાર્થે આવનાર છે. આ પદયાત્રીઓ દિવસ-રાત્રિ દરમ્યાન ચાલીને જતા હોવાથી રસ્તા પર સતત ટ્રાફીક રહે છે. આ સંજોગોમાં નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓ પર ભારે વાહનોની અવર-જવર ધ્યાને લેતા આ રૂટ પર ભારે વાહનો ચલાવવા પર પ્રતિબંધ મુકવા અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દરખાસ્ત અત્રેને મળેલ છે. આમ, રસ્તા પર ભારે ટ્રાફીકને લીધે કોઈ પદયાત્રી અકસ્માતનો ભોગ ન બને તે માટે સવાચેતીના ભાગરૂપે નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તાઓ પર ભારે વાહનો ચલાવવા પર પ્રતિબંધ મુકવો મને ઉચિત જણાય છે.

સબબ હું, **એચ. પી. જોશી, (GAS), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ તા. ૦૪-૦૩-૨૦૨૫ થી તા. ૧૬-૦૩-૨૦૨૫ સુધી દ્વારકા શહેરમાં આવેલા પરિશિષ્ટ મુજબના રસ્તાઓ પર તમામ પ્રકારના થ્રી વ્હીલર/કાર/ટ્રક/ટોરસ/ડમ્પર/બસ જેવા ભારે ભારે વાહનો પસાર થવાની મનાઈ ફરમાવું છું.

પરિશિષ્ટ

ક્રમ	પ્રવેશબંધી પોઈન્ટ	જાહેરનામાનો સમયગાળો	ભારે વાહન ડાયવર્ઝન વિગત	વાહનની વિગત
૧	લીંબડી ચેકપોસ્ટ થી ચરકલા જતા રોડ	તા. ૦૪-૦૩-૨૦૨૫ ના સવારના ૦૮-૦૦ કલાકથી તા. ૧૬-૦૩-૨૦૨૫ ના રાત્રીના ૦૮-૦૦ કલાક સુધી	લીંબડી ચેકપોસ્ટ થી ભાટીયા બાયપાસ-કુરંગા ચોકડી-ઓખામઢી-બરડીયા થઈ દ્વારકા	(શ્રી વ્હીલર/કાર/ટ્રક/ટોરસ/ડમ્પર/ બસ જેવા ભારે વાહનો તમામ)
૨	કાનદાસબાપુ આશ્રમ ચાર રસ્તા થી ચરકલા તરફ જતા રોડ તેમજ ચરકલા તરફ જતા રેલવે ફાટકથી હેશ્રોન હોટલ બાજુનો રોડ	તા. ૦૪-૦૩-૨૦૨૫ ના સવારના ૦૮-૦૦ કલાકથી તા. ૧૬-૦૩-૨૦૨૫ ના રાત્રીના ૦૮-૦૦ કલાક સુધી	દ્વારકા તરફથી બરડીયા-કુંરગા-ભાટીયા લીંબડી ચેકપોસ્ટ-જામ ખંભાળીયા	(શ્રી વ્હીલર/કાર/ટ્રક/ટોરસ/ડમ્પર/ બસ જેવા ભારે વાહનો તમામ)
૩	અલખ પંજાબી રેસ્ટોરન્ટ પાસે આવેલ ચરકલા ફાટક થી મુળવાનાથની જગ્યા સુધીનો રોડ	તા. ૦૪-૦૩-૨૦૨૫ ના સવારના ૦૮-૦૦ કલાકથી તા. ૧૬-૦૩-૨૦૨૫ ના રાત્રીના ૦૮-૦૦ કલાક સુધી	ફાટક થી બરડીયા-કુંરગા-ભાટીયા લીંબડી ચેકપોસ્ટ-જામ-ખંભાળીયા	(શ્રી વ્હીલર/કાર/ટ્રક/ટોરસ/ડમ્પર/ બસ જેવા ભારે વાહનો તમામ)

આ જાહેરનામું ઈમરજન્સી વાહનોને તથા અત્રેથી કે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા દ્વારા મંજુરી અપાયેલ ભારે વાહનોને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૩ માર્ચ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યું.

દેવભુમિ દ્વારકા, ૦૩ માહે માર્ચ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(ખ) હેઠળનુ

જાહેરનામુ

નં. : ડીએમ/ડીસીએચ/નો-એન્ટ્રી/૩૩/૨૦૨૫.-આગામી હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન ગુજરાત રાજ્યના જુદા જુદા જિલ્લાઓ તથા અન્ય રાજ્યોમાંથી પદયાત્રીઓ ચાલીને દ્વારકા મુકામે દર્શનાર્થે આવનાર છે. આ પદયાત્રીઓ દિવસ-રાત્રિ દરમ્યાન ચાલીને જતા હોવાથી રસ્તા પર સતત ટ્રાફીક રહે છે. આ સંજોગોમાં દ્વારકા શહેરમાં ટ્રાફીકની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી શહેરમાં નીચેના પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તારના રસ્તાઓમાં સરકારી એસ.ટી. બસ સિવાય ટ્રક તથા ખાનગી બસો/ભારે વાહનો તમામના પ્રવેશ પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. આગામી હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન દ્વારકા શહેરમાં ટ્રાફીક જામની સ્થિતિ નિવારવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા સલામતિની દ્રષ્ટીએ પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી મળેલી દરખાસ્ત મને વ્યાજબી અને ઉચિત જણાયેલ છે.

સબબ હું, **એચ. પી. જોશી, (GAS), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તા. ૦૮-૦૩-૨૦૨૫ સવારના ૦૮-૦૦ કલાક થી તા. ૧૬-૦૩-૨૦૨૫ રાત્રીના ૦૮-૦૦ કલાક સુધી દ્વારકા શહેરમાં આવેલા પરિશિષ્ટ-'અ' મુજબના રસ્તાઓ પર સરકારી એસ.ટી. બસ સિવાય ટ્રક તથા ખાનગી બસો/ ભારે વાહનો તમામના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

પરિશિષ્ટ-અ

ક્રમ	નો-એન્ટ્રી પોઈન્ટ	નો-એન્ટ્રી વાહનની વિગત
૧	સુદર્શન બ્રીજના ઓખા તરફ આવેલ છેડેથી શ્રી દ્વારકાધીશ મંદિર બેટ સુધી	(ભારે વાહન ટ્રક તથા ખાનગી કંપનીની બસો)

અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી અપાયેલ વાહનો તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહિં.

પ્રવેશબંધી ભારે વાહન ટ્રક તથા ખાનગી બસોની પાર્કીંગની ઈલાયદી વ્યવસ્થા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, દ્વારકા, નાયબ પોલીસ અધિક્ષકશ્રી દ્વારકા, તેમજ ચીફ ઓફીસરશ્રી ઓખા નગરપાલિકાએ કરવાની રહેશે.

આ જાહેરનામાની પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાએ બહોળી પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કે ઉલંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૩ માહે માર્ચ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યું.

દેવભુમિ દ્વારકા, ૦૩ માહે માર્ચ, સને ૨૦૨૫.

મોટર વાહન અધિનિયમ–૧૯૮૮ ની કલમ–૧૧૨(૨) હેઠળનુ

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/સ્પીડ લીમીટ/૩૩/૨૦૨૫.-આગામી હોળી-ધુળેટીના તહેવાર દરમ્યાન ગુજરાત રાજ્યના જુદા-જુદા જિલ્લાઓ તથા અન્ય રાજ્યોમાંથી પદયાત્રીઓ ચાલીને દ્વારકા મુકામે દર્શનાર્થે આવનાર છે. આ પદયાત્રીઓ દિવસ-રાત્રી દરમ્યાન ચાલીને જતા હોવાથી રસ્તા પર સતત ટ્રાફીક રહે છે. આ સંજોગોમાં કોઈ પદયાત્રી અકસ્માતનો ભોગ ન બને તે માટે વાહનની ગતિ મર્યાદા પ્રતિ કલાક ૪૦ કિ.મી./કલાક ની નકકી કરી તે મુજબ વાહનો ચલાવવા અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકા તરફથી દરખાસ્ત અત્રેને મળેલ છે. આમ, રસ્તા પર પસાર થતા વાહનોના કારણે કોઈ પદયાત્રી અકસ્માતનો ભોગ ન બને તે માટે (૧) દેવભૂમિ દ્વારકાની હદ શરૂ થાય ત્યાંથી ઝાખર પાટીયા-ખંભાળીયા-રાણ લીંબડી-ભાટીયા-દ્વારકાનો રૂટ, (૨) ઝાખર પાટીયા-ખંભાળીયા-રાણ લીંબડી-ગુરગઢ-દ્વારકાનો રૂટ, (૩) દ્વારકા-ઓખાનો રૂટ, (૪) દ્વારકા-નાગેશ્વરનો રૂટ, (૫) ભાટીયા-હર્ષદ માતાજી (ગાંધવી) નો રૂટ, (૬) હર્ષદ માતાજી (ગાંધવી)-દ્વારકાના રૂટ પરના ધોરીમાર્ગ પર પસાર થતા વાહનોની ગતિ પર નિયંત્રણ મુકવું મને ઉચિત જણાય છે.

સબબ હું, **એચ. પી. જોશી, (GAS), ઈ.ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા,** મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ની કલમ-૧૧૨(૨) અન્વયે ગુજરાત મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૧૮૪ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, તા. ૦૭-૦૩-૨૦૨૫ થી તા. ૧૬-૦૩-૨૦૨૫ સુધી (૧) દેવભૂમિ દ્વારકાની હદ શરૂ થાય ત્યાંથી ઝાખર પાટીયા-ખંભાળીયા-રાણ-લીંબડી-ભાટીયા-દ્વારકાનો રૂટ, (૨) ઝાખર પાટીયા-ખંભાળીયા-રાણ-લીંબડી-ગુરગઢ-દ્વારકાનો રૂટ (૩) દ્વારકા-ઓખાનો રૂટ, (૪) દ્વારકા-નાગેશ્વરનો રૂટ, (૫) ભાટીયા-હર્ષદ માતાજી (ગાંધવી) નો રૂટ, (૬) હર્ષદ માતાજી (ગાંધવી)-દ્વારકાના રૂટ પર પસાર થતા કોઈ પણ વાહન ચાલકે તેમનું વાહન ૪૦ કી.મી./કલાકની ગતી મર્યાદાથી વધારે ચલાવવા પર પ્રતિબંધ ફરમાવું છું.

અત્રેથી અથવા પોલીસ અધિક્ષકશ્રી, દેવભૂમિ દ્વારકાની કચેરી દ્વારા પરવાનગી અપાયેલ વાહનો, કાયદો અને વ્યવસ્થાની જાળવણીની કામગીરી સાથે સંકળાયેલ સરકારી વાહનો તેમજ ઈમરજન્સી વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહિં.

આ હુકમનો ભંગ કે ઉલંઘન કરનાર મોટર વાહન અધિનિયમની કલમ–૧૮૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૦૩-માર્ચ–૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડ્યું.

દેવભુમિ દ્વારકા, ૦૩ માહે માર્ચ, સને ૨૦૨૫.

એચ. પી. જોશી
ઈ. ચા. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા.

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.07.14 18:01:46 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot